

સ઼ાસિ આય

સાચી મા

આ વાર્તા શામળાજી વિસ્તારમાં ફરીને મેળવેલી છે. મુખ્યત્વે અણસોલના રહીશ શ્રી કચરાજી નાથુજી સૂંથાની મદદ લીધેલી છે. આને લેખનમાં ઉતારવામાં ભારે મથામણ કરવી પડી છે. છેકભૂંસ પણ ઠીક ઠીક કરવી પડી છે. આ બધું છતાં ભાઈ સિદ્ધરાજ સોલંકીની મદદ ન મળી હોત તો વાર્તાને આ રૂપે હું કદાચ મૂકી શક્યો ન હોત. તેવું જ શ્રી હકુ શાહ વિષે કહી શકાય. તેમની રેખાઓ વાર્તાને વિશેષ ગમતી બનાવશે એમ માનું છું. શામળાજી આશ્રમના વિદ્યાર્થીઓએ પણ આમાં મદદ કરી છે. આ સહુ મિત્રોનો હું આભારી છું.

શાન્તિભાઈ આચાર્ય

(વિદ્યાપીઠ, મે-જૂન ૧૯૬૯ના અંકમાંથી પુનર્મુદ્રિત)
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪

ઇક પટેલ અતો. વણા પટેલ પાહુજિજ લગન કીદૂ. વણાન બાડિ કેહ્ર આજિજ ને બિએ આદમી ન બઈરી તરીકે રેવા લાગાં. એમને એમ બે વરસ઼ાં જાતાં રેજ્જાં. અતરામાય વણી પટલાણીન ગરભવાસ રેજ્જો. નોવ મઈના ને નોવ દાડ઼ા પૂરા થાજ્જા પૂઠે પટલાણીન સુરિ જનમેજિજ. પસ્સે વે સુરિ એક દન બે દન ઇમ ટગલે ટગલે વદવા લાગિ. રાતિ વદે અતરી દનનિ ને દનિ વદે અતરિ રાતનિ. વે સુરિ પાઁસ વરસ઼ાંનિ થાજિજ અતરામાય વેની આય મરિ ગીજિજ. તણાપૂઠે વણી સુરીન આતાય બીજી બઈરિ કીદિ. વે બઈરિ અણી સુરીન માસ઼િ થાજિજ. વે સુરિ મુટિ થાજ્જા કરતિ અતિ અતરામાય વેની માસ઼ીન ગરભવાસ રેજ્જો. નોવ મઈના ન નોવ દન પૂરા થાજ્જા પસ્સે માસ઼ીન સુરિ થાજિજ. માસ઼િની જજે સુરિ પેલવાળી સ઼ોકની સુરીસ઼ૂ નાઁનિ. માસ઼જિજ મુટિ સુરિ દવાલિ કીદિ ને નોનિ પોતાનિ અતિ અતરે વાલિ કીદિ. મુટિ સુરજિજ દૂખ પડ઼જ્જૂ ન સરીર આટવા લાગજ્જૂ. માસ઼જિજ પોતાન સુરજિજ અસલ અસલ ખાવાનૂ આલિન મુટિ કીદિ અતરે દેખાવે વે મુટીન સ઼રખિ લાગે. મુટિ દાડ઼ ટડાં લઈન ગુઆળ ઝાય. માસ઼િ પોતાન

એક પટેલ હતો. તે પટેલ ભાઈએ લગ્ન કર્યું. તેની બઈરી ઘેર આવી ને બંને પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યાં. આમ ને આમ બે વર્ષ વીતી ગયાં. એટલામાં પેલી પટલાણીને ગર્ભ રહ્યો. નવ મહિના ને નવ દિવસ પૂરા થયા પછી પટલાણીને છોકરી જન્મી. ધીમે ધીમે તે છોકરી એક દિવસ, બે દિવસ એમ કરતાં ડગલે ને પગલે વધવા માંડી. રાતે વધે એટલી દિવસની અને દિવસે વધે એટલી રાતની. તે છોકરી પાંચ વરસની થઈ ત્યાં તો તેની મા મરી ગઈ. ત્યાર પછી તેના બાપે બીજી પત્ની કરી. આ સ્ત્રી છોકરીની માસી થતી હતી. આ છોકરી વધતી જતી હતી એટલામાં તેની માસી સગર્ભા બની. નવ મહિના અને નવ દિવસ પૂરા થતાં માસીને પણ છોકરી અવતરી. માસીની છોકરી પેલી શોકની છોકરી કરતાં નાની. માસીએ મોટી છોકરીને દવલી કરી અને નાની પોતાની હોવાથી વહાલી કરી. મોટી છોકરીને દુઃખ પડવાથી શરીર ઊતરવા માંડ્યું. માસીએ પોતાની છોકરીને સારું સારું ખાવાનું આપીને મોટી કરી તેથી દેખાવમાં તે મોટીના

સુરિજ્જ ગઊના રુટા કરીન આલે ને મુટચ્યિ જૂઆરનો રુટો સાંણુમાય થાપીન આલે. મુટિ સુરિ ટડાં વડ઼લા નીસે બેસ઼ાડ઼ે ને પસ્સે મેરાંમેરાંસ઼ો રુટો ખાય જાય. માથેમાથે ખાઈન વેસલાં સાંણુનો ટગલો કીદો. પસ્સે સમાસ઼ાના દન બેઠા. મુટિ સુરજ્જિજ ડુગરાનૂ બીજ વાવજ્જૂ.

વુ બીજ ઊગીન મુટ્ટ થાય ગીજ્જૂ. ડુગરાસ઼ો સ઼ેતો વેલો પહરાય ગીજ્જો. પસ્સે મુટિ સુરિ ટડાં બેસ઼ાડ઼િન રુટા સ઼ાતિ ડુગરા ખાયસ઼ે ને પેટ પહરે સ઼ે. વે સુરિ ડુગરા ખાય ખાય ન અસલ વકરજ્જિજ. પિલી માસ઼જ્જિજ થાજ્જૂ કે પેલાં મુટિ સુરિ દૂબળિ થાજ્જિજતિ ન એવાં સ઼ૂ થાય ગીજ્જૂ ત અસલ વકરજ્જિજ સ઼ે? અણી માર સુરજ્જિજ કીહઈ આલૂ, ગોળ આલૂ તે અણી સુરીન સરીજ અસલ નસ઼િ દેખાતૂ ન મુટચ્યિ સાંણુના રૂટા આલૂસ઼ં તે વે સંય વકરજ્જિજ સ઼ે? માસ઼જ્જિજ વસાર કરીન એક દન પોતાની સુરિ મુટીની વાંસ઼ે ખબર કાડવા મેલ્લિ. વે સુરિ દબીન જુએ સ઼ે તે મુટિ સાંણું દડ઼િ દઈન ડુગરા ખાયસ઼ે. પસ્સે સુરિ પાસિ આવીન વેની આજ્જિજ કયેસ઼ે. 'આઈઆ, આઈઆ, વેલા માથે ડુગરા લાગા સે વુ મુટિ ખાય સ઼ે.' બીઝે દન માસ઼િ સુરીન વાંસ઼ે ગીજ્જિજ. સુરિ ડુગરા ખાયને ટડાં ચ઼ારવા ડૂગરે જાતિ રેજ્જિજ તણુંવાંસ઼ે માસ઼જ્જિજ ડુગરાન વેલો અખૂડ઼ી દડ઼જ્જો. બીઝે દન સુરિ આવીન ઝૂએ ત વેલો કણારક અખૂડ઼િ દડ઼જ્જો સ઼ે. સુરીન તે ફરિન પાસી ઉપાદિ થાજ્જિજ. વે દનરૂઝ દૂબળિ થાવા લાગિ. પસ્સે ઈવૂ થાજ્જૂ કે ઈક મદારી કુહરે કુહર ફરીન પેટ પહરતો વી એક દન સ઼ાપિ સ઼ાવા સ઼ાર સ઼ાપને વાંસ઼ે પડ઼જ્જો. સ઼ાપ નાઠ઼ો. મોરે મોરે સ઼ાપ ને વાંસ઼ે મદારી. જજી સ઼ાપ વે સુરિ ટડાં ચ઼ારતિ બ્યાઁ વણી કને આજ્જો. સુરજ્જિજ કે 'બાઈ, બાઈ, તૂ મય તારા સોટલા એઠે સ઼તાડ઼િ દે, મય વાંસ઼ે મદારી પડ઼જ્જો સ઼ે. તંય પૂસે ત કેજે ક સ઼ાપ તે તાહમતો તાહમતો જાતો રેજ્જો.' સુરજ્જિજ સાપ સતાડિ દીદો.

સરખી જ લાગે. મોટી હંમેશાં ઢોર ચારવા જાય. માસી પોતાની છોકરીને ઘઉંના રોટલા ખવડાવે પરંતુ મોટી માટે માંય છાણાં થાપીને જુવારનો રોટલો બનાવે. મોટી છોકરી ઢોરને વડ નીચે બેસાડીને પછી પરાણે પરાણે રોટલો ખાઈ જાય. ઉપર ઉપરથી રોટલો ખાઈને તેણે વચ્ચેનાં છાણાંનો ઢગલો કર્યો કીધો. આમ કરતાં ચોમાસાના દિવસો આવ્યા. મોટી છોકરીએ ચીભડાનું બી રોપ્યું. તે બી ઊગીને મોટું થઈ ગયું. આખો વેલો ચીભડાંથી ભરાઈ ગયો. પછી મોટી છોકરી ઢોરને બેસાડીને રોટલો ને ચીભડાં ખાય છે ને પેટ ભરે છે. તે છોકરી ચીભડાં ખાઈ ખાઈને ભારે વકરી! પેલી માસીને થયું કે પહેલાં તો મોટી છોકરી દૂબળી થઈ ગઈ હતી અને હવે એવું શું થયું કે તે વકરી ગઈ? આ મારી છોકરીને તો ઘી આપું છું, ગોળ આપું છું, તોય તેનું શરીર વધતું નથી ને મોટીને છાણાંના રોટલા આપું છું તોય તે શાથી જામી છે? માસીએ તો વિચાર કરીને એક દિવસ પોતાની છોકરીને મોટીની પાછળ ખબર કાઢવા મોકલી. તે છોકરી સંતાઈને જુએ છે તો મોટી છાણુ કાઢી નાંખીને ચીભડાં ખાય છે. પછી આ છોકરી પાછી આવીને પોતાની માને કહે 'મા, મા, મોટી તો ચીભડાના વેલા પરથી ચીભડાં ખાય છે.' બીજે દિવસે મોટી છોકરીની પાછળ તેની માસી ગઈ. છોકરી જ્યારે ચીભડાં ખાઈને ઢોર ચારવા ડુંગર પર જતી રહી ત્યારે માસીએ તો આ ચીભડાંનો વેલો ઉખેડી નાંખ્યો. છોકરીએ બીજે દિવસે આવીને જોયું તો કોઈકે વેલો ઉખેડી નાંખ્યો છે. વળી પાછી છોકરીને મુસીબત થઈ. પાછી દિવસે દિવસે તે દૂબળી પડવા લાગી. આમ કરતાં એક દિવસ એવું બન્યું કે એક મદારી જે ઘેર ઘેર ફરીને પોતાનું પેટ ભરતો હતો તે એક દિવસ સાપને પકડવા માટે



અતરામાય મદારી સુરિ કને તાહમતો આજ્જો, ને સુરજ્જિજ પુસે સ઼ે 'સુરિ, તય ઇક સ઼ાપ તાહમતો જાતો દેકચ્યો સ઼ે?' સુરિ કે સ઼ઊ, સ઼ાપ તે તાહમતો તાહમતો એસ઼ાં જાતો રેજ્જો. જેરે મદારી જાતો રેજ્જો તરે સુરજ્જિજ સ઼ાપ બાહેરો કાડજ્જો. જેરે બાહેરો કાડજ્જો તરે સ઼ાપ સુરજ્જિજ કે 'સુરિ, તાર સ઼ૂં જૂજે સ઼ે? જી જુજે ઈ માંગ, ઊં તય માથે પરસન થાઈ ગીજ્જો સ઼ૂં'. સુરિ સ઼ાપિ કે 'બાવજી, મય કઈ નસ઼િ જૂસ્તૂ પોણુ મય ઇક દૂખ સ઼ે. ઊં પોંસ વરસ઼ાંની થાજ્જિજ તરેનિ માર આય મરિ ગીજ્જિજ સ઼ે. એવાં માર માસ઼િ કઈક દૂખ દીએ સ઼ે. રુટો આલે તે વેસમાંય સાંણૂ રાખે સ઼ે. એવૂ ખાઈન પેટ પહરૂ સ઼ૂં'. પસ્સે સ઼ાપ સુરજ્જિજ કે 'ઓ...હો, ઇમ સ઼ે! લે, તરે ખાવાપીવાનૂ સગળૂ કરિ આલૂ. તૂ તાર જમણા આતનિ મૂઠ વાંળ.' સુરજ્જિજ મૂઠ વાળીન ઊગાડ઼જ્જી તે પાણીન ખાવાનૂ થાઈ ગીજ્જૂ. સ઼ાપિ કે " તય જેરે પૂહક લાગે તરે આતનિ મૂઠ ઊગાડીન ખાઈ લીજે ને જણી વખત દૂખ પડે તણી વખત 'ઓ નાગ બાવસી' ઇમ બોલજે. ઊં આવીન

તેની પાછળ પડ્યો. સાપ આગળ નાઠો જાય અને પાછળ મદારી. આ સાપ પેલી છોકરી ઢોર ચારતી હતી તેની પાસે આવ્યો. છોકરીની પાસે આવીને કહે 'અલી, બેન, તું મને તારા ચોટલા નીચે સંતાડી દે, મારી પાછળ મદારી પડ્યો છે. તને પૂછે તો કહેજે કે સાપ તો સરરર કરતો નીકળી ગયો.' છોકરીએ સાપને સંતાડી દીધો.

એટલામાં તો મદારી દોડતો આવ્યો ને છોકરીને પૂછ્યું. 'અલી છોકરી, તેં એક સાપને જતો જોયો?' છોકરીએ કહ્યું, 'સાપ તો સડસડાટ અહીંથી પસાર થઈ ગયો.' જ્યારે મદારી જતો રહ્યો ત્યારે છોકરીએ સાપને બહાર કાઢ્યો. બહાર કાઢ્યો ત્યારે સાપે છોકરીને કહ્યું કે 'છોકરી, તારે શું જોઈએ છે? જે ઇચ્છા હોય તે માંગ, હું તારા પર પ્રસન્ન થયો છું.' છોકરી સાપને કહે, 'બાપજી, મારે તો કશું જ નથી જોઈતું પરંતુ મારે એક દુઃખ છે. હું પાંચ વરસની થઈ ત્યારથી મારી મા મરી ગઈ છે. હવે મારી માસી બહુ દુઃખ દે છે. જે રોટલો આપે છે તેમાંય વચ્ચે છાણું નાંખીને આપે છે. આવું ખાઈને હું પેટ ભરું છું.' પછી સાપ છોકરીને કહે, 'અરરર...આવું છે! લે, ત્યારે, તને ખાવાપીવાનું બધું જ કરી આપું, તું તારા જમણા હાથની મૂઠી વાળી જા.' છોકરીએ તો મૂઠી વાળીને ઉઘાડી તો પાણી ને ખાવાનું બધું થઈ ગયું. સાપ પછીથી કહે, " તને જ્યારે ભૂખ લાગે ત્યારે મુઠી ઉઘાડીને ખાઈ લેજે અને જ્યારે કંઈ દુઃખ પડે ત્યારે 'ઓ નાગ બાપજી' એમ બોલજે. હું આવીને તારી ભીડ ભાંગીશ." આટલું કહીને સાપ તો લોપ થઈ ગયો. હવે તે છોકરી તો હંમેશાં ઢોર ચારવા જાય છે ને ગીતો ગાતી ગાતી આ ડુંગર પરથી પેલા ડુંગર પર ઢોર ચરાવ્યા કરે છે. હવે ખાવાપીવાનું તો પોતાની પાસે

તાર પીહ્ડ પાંહજીસ.” અતરૂ કેઈનિ સ઼ાપ સ઼પી ગીજ્જો. એવાં તે વે સુરિ દાડૂ ગુઆળ જાય સ઼ે ને ગીતાં ગાતિ ગાતિ અણે ડૂગરે પેલે ડૂગરે ટડાં ચ઼ારે સ઼ે. ખાવાનૂ પીવાનૂ તે પોતાના આતમાયસ સ઼ે. એવામાં એક દન રાજાનો કૂએર રમણ્યા નીકળ્લ્યો અતો, વી સીકાર કરતો કરતો ઇક આતમાય વાંસ઼ળિ ન બીઝા આતમાય તોહણિ લઈનિ ડૂગરે જાઈ ચડ઼જ્જો.

વી કિરેક સ઼ાસ઼ૂ મારે, કિરેક સ઼ૂવેય્ર, કિરેક લીલ મારે ને કિરેક બટાર. ઇમ કરતાં વી ડૂગરે આજ્જો તે ઇક સુરિ બ્યૉં માથે ગાતિ સ઼ાંભળિય. વે સુરિ ટડાં ચ઼ારવા આવેલિ પટેલની સુરિ અતિ. વે અસલ અસલ ખાઈનિ વકરજ્જી'તિ. કૂએર સુરજ્જિ દેખીન સીકાર પૂહલી ગીજ્જો. પાસ઼ે આવીન સુરજ્જિ દેખવા લાગો. વે સુરિ તી કૂએર સ઼ામે જુઈ રેજ્જિ, ને તૂહનમાયને તૂહનમાય ટાહા લઈનિ કેહર જાતિ રેજ્જિ. સ઼ેતિ રાત સુરજ્જિ ઊગ ને આજ્જિ. બીઝે દન વે ટડાં વાળિન વણીસ જગે ઇક પાહઠા માથે બેઠિ. વસારમાયને વસારમાય સૂઈ ગીજ્જિ. વણીન ઊગમાય આતનિ મૂઠ ખૂલિ ગીજ્જિ'તિ અતરે પાંણી નીકળીન જાતૂ'તૂ. પેલો કૂએર પૉણ બરાબર વણીસ વખતિ સુરીની તલાસમાય પહમતો'તો. વી ડૂગરાની ટૂ્સ માથે થાઈને જાતો'તો બ્યૉં વણુાય તર લાગી. પૉણ ડૂગરાની ટૂ્સ માથે પાણી કેસ઼ૂ મળે? પસ્સે ગમે તેમ કરિન પૉણ પાણી મેળવણાનો વસાર કીદો. વસારમાયને વસારમાય આગેળ જાય સ઼ે તે અગાસ઼માય સ઼ાંમળી પહમતી દીઠી. પસ્સે સ઼ાંમળ્લ્યાંની દીસામાય એટતો એટતો જાય સ઼ેં તે ઇક જ઼ણૂ આજ્જૂ. બ્યૉં પાણી પય લીદ્દૂ ન પસ્સે વસાર કરે ક જજૂ પાણી કેસ઼ૂં આવતૂ અસેં? કળે કળે કૂએર આગેળ ગીજ્જો તરે સુરિ સૂતિ સ઼ે ને વેના આતમાસ઼ો પાણીનો દરેડ઼ો નીકળ્લ્યા કરેસ઼ે.

પાસ઼ે આવીન કૂએરે જુજ્જૂ તે વણી સુરજ્જિ વી ઉળખી ગીજ્જો. જજે, વે ટડાંવાળી સુરિ

જ છે. એવામાં એક દિવસ રાજાનો કુંવર જે શિકારે નીકળ્યો હતો તે શિકાર કરતો કરતો એક હાથમાં વાંસળી ને બીજા હાથમાં ધનુષ્ય લઈને ડુંગર પર જઈ ચડ્યો.

તે ક્યારેક સસલું મારે ને ક્યારેક સૂવર. કોઈ વાર નીલ ગાય મારે તો કોઈ વાર બટાર. આમ કરતાં કરતાં ડુંગર પર તે આવ્યો તો ત્યાં એક છોકરીને ગાતી સાંભળી. તે ઢોર ચારવા આવેલી પટેલની છોકરી હતી. તે સારું સારું ખાઈને જામી પડી'તી. કુંવર તો છોકરીને જોઈ ને શિકાર ભૂલી ગયો. નજીક આવીને છોકરીને જોવા મંડ્યો. તે છોકરી પણ કુંવરને જોઈ રહી. પછી ધૂનમાં ને ધૂનમાં તે ઢોર લઈને ઘેર ચાલી ગઈ. આખી રાત છોકરીને તો ઊંઘ આવી નહીં. બીજે દિવસે ઢોર વાળીને તે છોકરી તો પાછી તે જ જગાએ આવી ને પથ્થર પર બેઠી. વિચારમાં ને વિચારમાં તે ઊંઘી ગઈ. તેની ઊંઘમાં જ હાથની મૂઠી ઊઘડી ગઈ હતી તેથી પાણી નીકળીને વહી જતું હતું. પેલો કુંવર પણ બરાબર આ જ વખતે છોકરીની તપાસમાં ફરતો હતો. તે ડુંગરની ટોચ પરથી જતો હતો તેવામાં તેને તરસ લાગી. પરંતુ ડુંગરની ટોચ પર પાણી ક્યાંથી મળે? પછી ગમે તેમ કરીને પણ તેણે પાણી મેળવવાનો વિચાર કર્યો. વિચારમાં ને વિચારમાં આગળ જાય છે તો તેણે એક સમળી ઊડતી જોઈ. આથી તે સમળી ઊડતી હતી તે તરફ ચાલતો ચાલતો જાય છે. આમ કરતાં એક ઝરણું આવ્યું. ત્યાં તેણે પાણી પી લીધું અને પછી વિચાર કર્યો કે આ પાણી અહીં ક્યાંથી આવતું હશે? વહેણે ને વહેણે કુંવર આગળ જાય છે તો એક છોકરી સૂતી છે અને તેના હાથમાંથી પાણીનો દરેડો નીકળ્યા કરે છે.

નજીક આવીને કુંવરે જોયું તો, તે તો પેલી જ છોકરી! કુંવર ઓળખી ગયો. તે પેલી ઢોરવાળી જ છોકરી હતી. કુંવર તો

અતિ. કૂએર તે ખૂસખૂસ થાઈ ગીજ્જો. વાંસ઼ળિમાય ગીત સરૂ કીદ્દૂ. પસ્સે ગીતસ઼ૂ સુરિ નિ ઊઠચ્ચિય તણિ ખખડે ઇમ પાહઠો દડ઼જ્જો. સુરિ એકદમ ઊઠિ ગીજ્જિ. કૂએરિ જુઈનિ સુરજ્જિ મૂઠિ દડ઼િ દીદિ. સ઼ેતુ પાણી સ઼પિ ગીજ્જૂ. સુરિ ઝોવા લાગી તે પાસ઼ે કૂએર સેટે ઝાયો ફીકલી કરેસ઼ે ને વાંસ઼ળિ વજાડ઼ે સ઼ે. બિએ સ઼ામ સ઼ામા પેહટાઈ ગીજ્જાં. એકબીઝાય પૂસણા પૂસવા લાગાં. આતમાય પાણી ઝોયને કૂએર વસાર કરેસ઼ે કે અણી સુરીમાય કંઈક પોણ સ઼ે. સુરિજ્જ કૂએર કેસ઼ેક માર તયસ઼ાતિ લગન કરવૂ સ઼ે. સુરજ્જિ પોતાન ડુસ઼ાનૂ ગૉમ ને નૉમ કે'જ્જૂ. કૂએર બીઝે દન વણા પટેલનિ કે ર ગીજ્જો. પટેલને કેહર ઝાય ને કે 'તાર ગુઆળિણ સુરિ સ઼ાતિ મારે લગન કરવૂ સ઼ે.' વીની માસ઼જ્જિ વસાર કીદો કે માર પોતાન સુરિ વણા સ઼ાતિ પણ્નાવાં. પટેલ પટલાંણિ વસાર કરીન કે'ય કે 'અમાર નૉનિ સુરિ અસલ સ઼ે.' પોણ કૂએર કે' કે 'ઊં તો ગુઆળિણ સુરિ સ઼ાતિસ પણ્નૂ.' પટેલિ રાજાય લગનની આ' કીદિને કૂએર પાસો પોતાને કેહર ગીજ્જો, લગનનિ તીયારી કરવા. અણીઆડ માસ઼િ, કૂએર નાન્નીસ પણ્ને ઇવી કોસીસ કરે સ઼ે. મુટચ્ચિ પીઠી સ઼ાર માસ઼િ બૂલાવે સ઼ે. વણી માસ઼જ્જિ કેહરમા મુટો ખાડો કીદો ને માથે સ઼ાદડિ પાથરી દીદિ. પસ્સે આઝૂબાઝૂ જમીં જેવું કરીન પાટલો જમાવજ્જો.

પસે મુટી સુરજ્જિ માસ઼િ કે 'બેટા તય પીથિ કરવી સે, વણા પાટલા માથે બેસ઼.' વે સુરિ પાટલા માથે બેસતાંને સ઼ાત ખાડામાય પડજ્જિ. પોણ પડતાં પડતાં 'ઓ નાગ બાવસી,' ઇમ બૂલી દીદ્દૂ. નાગબાવસીય આવીન સુરિ બસાવિ લીદિને પાટલા માથે બેસ઼ાડિ દીદિ. માસ઼િ વસાર કરે સ઼ે કે જજૂ કિમ થાઈ ગીજ્જૂ. પસ્સે તે સુરિ ઝીલ઼ાડિ઼ દડજ્જિને ગોત્રેજ આગેળ લાવિ દીદિ. પીથિ તી કરિ દીદિ. માસ઼જ્જિ માંડવાન દન ખાડો ખરાળિ દડ઼ીન અસલ કરિ દીદ્દૂ. એઠાઁ લાકડ઼ાં

ખુશ ખુશ થઈ ગયો. વાંસળીમાં ગીત વગાડવાનું શરૂ કર્યું. આમ કરવાથી પણ છોકરી ઊઠી નહીં એટલે તેણે ખખડાટ થાય તે રીતે એક પથ્થર ગબડાવ્યો. છોકરી ચડપ દઈને બેઠી થઈ ગઈ. કુંવરને જોતાં જ છોકરીએ મૂઠી વાળી દીધી. તરત જ બધું પાણી અદૃશ્ય થઈ ગયું. છોકરી જુએ છે તો કુંવર જરા દૂર જઈને વાંસળી વગાડતો જાય છે ને ફીકલી કરતો જાય છે. બંને સામસામાં આવી રહ્યાં. એકબીજાંને પ્રશ્નો પૂછવા માંડ્યાં. હાથમાં પાણી જોઈને કુંવર વિચાર કરે છે કે આ છોકરીમાં ગમે તે કંઈક પણ છે જ. છોકરીને કુંવર કહે છે કે 'મારે તારી સાથે લગ્ન કરવું છે.' છોકરીએ પોતાના બાપનું અને ગામનું નામ જણાવ્યું. કુંવર તો બીજા દિવસે તે પટેલને ઘેર ગયો. પટેલને ઘેર જઈ ને કહે 'તારી જે પરણવા લાયક છોકરી છે તેને મારે પરણવું છે.' છોકરીની માસીએ વિચાર કર્યો કે આની સાથે તો મારી પોતાની જ છોકરીને હું પરણાવું. પછી પટેલ પટલાણી બેઉએ વિચાર કરીને જવાબ આપ્યો કે 'અમારી નાની દીકરી બહુ મઝાની છે.' પરંતુ કુંવર તો કહે કે 'હું તો મોટી સાથે જ પરણીશ.' આથી પટેલે રાજાને લગ્નની હા કહી તેથી તે લગ્નની તૈયારી માટે પોતાને ઘેર પાછો ગયો. આ બાજુ માસી તો કુંવર નાની છોકરીને જ પરણે તેવો વેંત કરવા લાગી છે. મોટીને માસીએ પીઠી માટે બોલાવી. આ વખતે તેણે ઘરમાં મોટો ખાડો ખોદ્યો ને ઉપર સાદડી પાથરી દીધી. આજુબાજુ જમીન સરખી કરી લઈને ઉપર પાટલો ઢાળ્યો.

પછી મોટી છોકરીને મારીએ કહ્યું કે 'બેટા તને પીઠી ચોળવી છે. પેલા પાટલા પર બેસ.' છોકરી પાટલા પર બેસતાંની સાથે જ ખાડામાં પડી. પણ પડતાં પડતાં 'ઓ નાગ બાપજી' એમ બોલી દીધું.

મેલીન માથે ચ઼ાર મેલ્લિ, માથે ખાવાનૂ મેલ્લુ ને પસ્સે માસિ઼ સુરજ્જય કે 'એવાં ચૂલો જમાડિ઼ દીઓ.' મેરાં મેરાં બેસ઼ીન સુરિ ખાવા ઝંયસ઼ે અતરામાય તે લાકડાં ખસ઼ી ગીજ્જાં ને ખાડા માથે બેસ઼ેલિ વે સુરિ ખાડામાય પડ઼ી ગીજ્જિ. ખાડામાય પડતાં બુલિ 'ઓ નાગ બાવસી' ને નાગ બાવસીએ આવીન સુરીને સ઼ાય લીદિ. વ્યાઁસ બેસ઼ાડ઼ીન બાવસીએ સુરીન ખાવા ખવાડજ્જૂ. પસ્સે રાત પડ઼જ્જિ ને ઝોન આજ્જિ. સ઼રણાઈને બતરીસ઼ વાઝાં વાઝે સ઼ે. તાહમતૂહમસ઼ૂ આવકાર દિયાય સ઼ે. સ઼ેતા જાનેજ્યા બેસ઼ાડ઼જ્જા. સ઼વાર પડ઼જ્જૂ ને પણ્ન્વાનો વખત થાઈ ગીજ્જે. માસ઼ લાડિ તીયાર કરે સ઼ે. માસ઼જ્જિ એક બીઝો ઊંડો, પો'ળો ખાડો ગુડ઼ાવજ્જો. ફરીન ચ઼ાર લાવીન માથે સ઼ણુગારી દીદૂ. પસ્સે વે સુરિ ઝીલવા ઝાયસ઼ે તરે સ઼રડ઼ દઈન નીસે પડ઼ે સ઼ે. પોણુ 'ઓ નાગ બાવસી' ઇમ બુલિ અતરે નાગ બાવસી આવીન વણુન્નિ બસાવી લીએ સ઼ે. પસ્સે વેની માસ઼જ્જિ વણી સુરજ્જિ લબરાં પેરાવીન કડાં, ચ઼ડ઼ા, કોંટો, ઇમ સ઼ેતૂ પેરાવજ્જૂ ને તીયાર કીદિ.

સુરિ માંડવા નીસે લાવીન પણ્નાવી દીદિ. લાડીને, વોરની સ઼ાતિ બાહેર કાડિને ઝોન કેહ્ર ઝાવા તીઆર થાઈ ગીજ્જિ. વોર ને લાડી આથિ માથે બેસ઼ીન રાજાને કેહ્ર જાતાં રેજ્જાં. બેય બ્યાં રેવા લાગાં. એવાં મુટિ સુરિ સૂકમાય પડ઼જ્જિ ને બગળામાય રેવા લાગજ્જિ. થોડા દનમાય વણી સુરીન ગરબવાસ રેજ્જો ને નોવ મઈના ને નોવ દાડ઼ે કૂએર જનમેજ્જો. કૂએર તાહવણો થાજ્જો તરે વે સુરિ, રાજા ને કૂએર સેતાં પટેલને કેહ્ર પરુણાં ગીજ્જાં. બે દન રેઈનિ રાજા પાસો પોતાને કેહ્ર આવી ગીજ્જો ને સુરિ ને કૂએર બ્યાં રેજ્જાં. થોડા દન પૂઠિ એક દાડ઼ો માસ઼જ્જિ મુટિ સુરિ પાણી પહ્રવા સ઼ાતિ લીદિ: સુરિ કૂઆમાસ઼ૂ પાણી કાડવાન તૂહનમાય અતિ બ્યાં માસ઼જ્જિ વેન કૂઆમાય ટહ્કેલિ પાડ઼જ્જિ. પડ઼તાં પડ઼તાં વે સુરિ બુલિ

નાગદેવતાએ આવીને છોકરીને બચાવી લીધી. પછી પાટલા પર બેસાડી દીધી. માસી વિચારમાં પડી ગઈ કે આમ શાથી બન્યું! ત્યારબાદ આ છોકરીને નવડાવી લીધી અને ગોત્રજ પાસે લાવ્યા અને પીઠી પણ ચોળી લીધી. માસીએ માંડવાના દિવસે ખાડો ખોદીને બધું સરખું કરી રાખેલું. નીચે લાકડાં રાખ્યાં હતાં, તેની ઉપર ઘાસ ઢાંકીને ખાવાનું મૂકયું ને ત્યાર બાદ છોકરીને બોલાવીને કહે, 'હવે ચૂલો જમાડી દીઓ'. છોકરી માંડ તેની પર બેસીને ખાવા જાય છે ત્યાં તો લાકડાં ખસી ગયાં ને ખાડા પર બેઠેલી તે છોકરી ખાડામાં ગબડી પડી. ખાડામાં પડતાં પડતાં તે બોલી, 'ઓ નાગ બાપજી.' તરત જ નાગદેવતાએ આવીને છોકરીને ઝીલી લીધી. ત્યાં જ બેસાડીને તેને ખાવાનું ખવડાવ્યું. પછી તો રાત પડી ને જાન આવી. શરણાઈની સાથે બત્રીસ વાજાં વાગે છે. ધામધૂમથી આવકાર દેવાય છે. બધા જાનૈયાઓને બેસાડયા. સવાર થતાં પરણવાનો સમય થઈ ગયો. માસી લાડીને તૈયાર કરે છે. માસીએ તો વળી એક ઊંડો, પહોળો ખાડો ગળાવ્યો. ફરીને પાછું ઘાસ લાવી ને માથે શણુગારી દીધું. પછી આ છોકરી નહાવા જાય છે ત્યારે ધબ દઈને ખાડામાં પડે છે. પરંતુ 'ઓ નાગ બાપજી' એમ બોલી તેથી નાગદેવતા આવીને તેને બચાવી લે છે. પછી તો માસીએ આખરે તેને કપડાં, છડા, કાંટો એમ બધું જ પહેરાવીને તૈયાર કરી દીધી.

તેને માંડવા નીચે લાવીને પરણાવી પણ દીધી. લાડીને વરની સાથે બહાર કાઢીને જાન વિદાય થવા માટે તૈયાર થઈ ગઈ. વરવહુ હાથી પર બેસીને રાજાને ઘેર જતાં રહ્યાં. ત્યાં બંને રહેવા લાગ્યાં. હવે મોટી છોકરી આમ સુખમાં પડી અને બંગલામાં રહેવા લાગી. થોડા દિવસોમાં તે સગર્ભા

પડ઼જ્જિ 'ઓ નાગ બાવસી' જજા બુલ સ઼ાંબળીન નાગ બાવસી આજ્જો ને વણુતી લઈનિ સ઼પી ગીજ્જો. થોડા દન પૂઠે રાજા તેડવા આજ્જો તરે માસ઼જ્જિ પોતાન સુરિ રાજા સ઼ાતિ કાડજ્જિ. વે સુરિ રાજા સ઼ાતિ એકઠબજ્જા મેલમાય રેય. મેલમાય કૂએર ખૂબ રૂએ ને વણી સુરીસ઼ૂ સોંનો નસિ઼ રેતો. પસ્સે અદરાત થાય સ઼ે ને નાગનિ અસવારી આવે સ઼ે. અદરાતે એકઠબજ્જા મેલનું કમાડ઼ દયલૂ અતૂ. નાગની અસવારી માથેસ઼ૂ કૂએરની સ઼ાસિ આય બુલિ.



(ગાવણૂ)

"ઊગડ઼ો રે ઊગડ઼ો ખડ઼કીનાં કમાંડ઼
મેલાંની તહ્ણઆણિ આવે"

ને તરતેસ ખડ઼કીનાં કમાડ઼ાં ઊગડી ગીજ્જાં.

વે ખડ઼કીની માય આવી લાગી તણિ કોહડો બોલે સ઼ે, વે કોહડ઼્ય કે (ગાવણૂ)

'સાંતો રે અસુલા કોહડ઼ીલા
મેલાંની તહ્ણઆણિ આવે'

બની અને નવ માસ અને નવ દહાડે તેને કુંવર જન્મ્યો. જ્યારે કુંવર ધાવણો થયો ત્યારે કુંવર સાથે સહુ પટેલને ઘેર મહેમાન બનીને આવ્યાં. બે દિવસ બાદ રાજા તો પાછો વળી આવ્યો પરંતુ આ છોકરી અને કુંવર ત્યાં (બાપને ઘેર) રહ્યાં. થોડા વખત પછી એક દિવસ માસીએ આ છોકરીને પાણી ભરવા માટે સાથે લીધી. છોકરી તો કૂવામાંથી પાણી કાઢવાની ધૂનમાં હતી એટલામાં માસીએ તેને કૂવામાં ધકેલી દીધી. પડતાં પડતાં છોકરી બોલી 'ઓ નાગ બાપજી.' આ બોલ સાંભળીને નાગદેવતા આવ્યો ને તે છોકરીને લઈને જતો રહ્યો. થોડા દિવસો બાદ રાજા જ્યારે છોકરીને તેડવા આવ્યો ત્યારે માસીએ તો પોતાની છોકરીને રાજાની સાથે વળાવી. તે પછી રાજાની સાથે એકલદંડા મહેલમાં રહેવા લાગી. આ મહેલમાં કુંવર તો ખૂબ રડે. આ છોકરીથી કોઈ રીતે છાનો રહે નહીં. પછી અધરાત થાય છે ને નાગની સવારી આવે છે. રાત્રે તો એકલદંડા મહેલનો દરવાજો બંધ હતો. નાગસવારીએ આવેલી કુંવરની સાચી મા બોલી, (ગાવાનું)

'ઊઘડો રે ઊઘડો ખડકીનાં કમાડ
મહેલની ધણિયાણી આવી.'

ને તરત જ ખડકીનાં કમાડ ઊઘડી ગયાં.

પછી જેવી તે ખડકીની અંદર આવી તેવો ઘોડો હણહણ્યો. આથી તે ઘોડાને કહે, (ગાવાનું)

'છાનો રહે તું હે અશ્વ, ઘોડા
મહેલની ધણિયાણી આવી.'

આ બોલ સાંભળીને ઘોડો તો છાનો રહી ગયો. પણ ઘોડો હણહણતો બંધ થયો એટલામાં એક ગાય ભાંભરવા લાગી. ગાયને તે કહે છે, (ગાવાનું)

છાની રહે તું ગવરી બાઈ
મહેલની ધણિયાણી આવી.'

આમ કહ્યું ત્યાં તો ગાય ભાંભરતી બંધ થઈ ગઈ. મહેલનો દરવાજો પણ ઊઘડી ગયો.

જજા ભુલ સ઼ાંબળીન કોહડ઼ો સાંનો રેઈ ગીજ્જો. પોણુ કોહડ઼ો સાંનો રેઈ ગીજ્જો, અતરામાય ઇક ટાહિ વાસ઼વા લાગજ્જિ. વે ટાહય ભુલે સ઼ે. (ગાવણૂ)

'સાંનિ રે ટાહિ સ઼ાંનિરે
મેલાંની તહણઆણિ આવે'

ઈમ ભુલતાં ટાહિ સાંની રેઈ ગીજ્જિ ને મેલનો દરવાજો તી ઊગડ઼ી ગીજ્જો. મેલમાય ઝાય તે અદારૂ ખૂબ. કઈ દેખાતૂ નસ઼િ. વે મેલમાય આવીન કે સ઼ે. (ગાવણૂ)

'સેતો સેતો રે મેલાંના દીવા
મેલાંનિ ત ણઆણિ આવે'

વે ભુલિ રેજ્જિ અતરામાય દીવા લાગી ગીજ્જા. ઝટ પોતાન કૂએરય લઈન વે તહવડ઼ાવણા લાગિ. કૂએરનૂ પેટ પહરાઈ ગીજ્જૂ પસ્સે વી રુતો બદ થાઈ ગીજ્જો. કૂએરય તહવડ઼ાવિન સુઆડ઼િ દઈન વે પાસી ઝાવા લાગી તરે દિવય કે (ગાવણૂ)

'ઓલાય ઝાઝો રે મેલાંના દીવા
મેલાંની તહણઆણિ ઝાય સ઼ે'

ને દીવા ઓલાય ગીજ્જા. ઈમૂસ મેલના દરવાજા બદ કીદા. ટાહિ વાસ઼તિ બદ કીદિ. કોહડ઼ો સાંનો રાખ્ચ્યો. ખડ઼કિનાં કમાડ઼ાં બદ કીદાં. ને પાસિ પોતાના કૂઆમાયના કેહરમાય સાલિ ગીજ્જિ. ઇવૂ દનરૂઝ થાવા લાગૂ. રાજાય એકદન વેમ પડ઼જ્જો ને બીઝી મદરાતે વે ગાતિ ગાતિ આવીન પાસી ઝાયસ઼ે તરે એકદમ સ઼ાય લીદિ. પસ્સે ઊગાડ઼ી તરૂઆરે પૂસેસ઼ે 'તૂ કુણ સ઼ે?' વે અદારામાય જવાપ આલેસ઼ે કે 'ઊ તમય જણી સ઼ાતિ લગન કીદૂ સ઼ે તી સ઼ૂ' રાજા સ઼ાદ ઊળખિ ગીજ્જો. પસ્સે વે રાજાય માંડીન વાત કે સ઼ે ને જાણુ કરે સ઼ે કે એવાં તમાર તહણઆણિ સ઼ે વે માર માસ઼ીન સુરિ સ઼ે. ઊં તે કૂઆમાય ટહકેલી દડ઼જ્જિ અતિ પોણુ નાગ બાવસીએ મય સ઼ાય લીદિ ને માર કૂએરય તહવડ઼ાવણા દનરૂઝ નાગની અસવારીસૂ ન્યાં આવૂ સ઼ૂ. આજ તમય ઊં સ઼ાય લીદિં. નાગ બાવસીએ મય જજે વાત કણાય કે'વાની ના

પણ મહેલમાં જાય છે ત્યાં તો ગાઢ અંધારું. કશું જ દેખાતું નથી. મહેલમાં આવીને તે કહે છે, (ગાવાનું)

'પ્રગટો રે પ્રગટો મહેલના દીવાઓ
મહેલની ધણિયાણી આવી.'

તે બોલી રહી ત્યાં તો દીવાઓ ઝળહળી ઊઠ્યા. ઝટ પોતાના કુંવરને લઈને તે ધવડાવવા લાગી. કુંવરનું પેટ ભરાઈ ગયું તેથી તે છાનો રહી ગયો. કુંવરને ધવડાવ્યા પછી સુવાડી દઈને જ્યારે પાછી વળી ત્યારે દીવાઓને કહે, (ગાવાનું)

'બુઝાઈ 'જજો રે મહેલના દીવાઓ
મહેલની ધણિયાણી પાછી વળે.'

તરત જ દીવા ઓલવાઈ ગયા. આમ જ મહેલના દરવાજા બંધ કર્યા, ગાય ભાંભરતી બંધ કરી, ઘોડાને હણહણતો બંધ કર્યો અને છેલ્લે ખડકીનાં કમાડ પણ બંધ કર્યાં. પછી પાછી પોતાના કૂવામાંના ઘરમાં આવતી રહી. આમ હંમેશાં થવા લાગ્યું. રાજાને એક દિવસ વહેમ પડ્યો. બીજી મધરાતે જ્યારે તે ગાતી ગાતી આવીને પાછી વળવા જાય છે તેવી જ એકદમ તેને પકડી લીધી. પછી ઉઘાડી તરવારે તેને પૂછવા લાગ્યો કે 'તું કોણ છે?'

તે અંધારામાં જ જવાબ આપે છે કે 'હું તમે જેની સાથે લગ્ન કર્યું છે તે જ છું.' રાજા આ અવાજને ઓળખી ગયો. પછી તો તે રાજાને માંડીને વાત કરે છે અને જણાવે છે કે 'અત્યારે જે તમારી ધણિયાણી છે તે તો મારી માસીની દીકરી છે. મને તો કૂવામાં ધકેલી દીધી હતી પરંતુ નાગદેવતાએ મને ઝીલી લીધી. હું હવે મારા કુંવરને ધવડાવવા દરરોજ નાગની સવારીએ અહીં આવું છું. આજે મને તમે પકડી લીધી. નાગદેવતાએ તો આ વાત કોઈને કહેવાની મને ના પાડી હતી. તમારી

પાડ઼જ્જિ'તિ. તમાર તરૂઆરની બી લાગિને જજે વાત મારાસ઼ૂ થાય ગીજ્જિ. મારો નાગ બાવસી બાહેરો મરિ ગીજ્જો અસ઼ે. વાત સાંબળીન રાજા કઈક ગુસ્સે થાઈ ગીજ્જો. વણ્ણનિ મેલમાય લઈ ગીજ્જો ને માસ઼િની સુરિન મૂડ બોડિ કીદિ, માથે સૂનો થાથજ્જોં ને ગદેડ઼ે બેસ઼ાડિન વે અદપાર કીદિ. કૂએરની આય રાજાય કે 'નાગની આપડ઼ે કબર કરવી જૂજે.' રાજાય તરત નોખર ને ઊકમ કીદો ને નાગની અસલ કબર કીદિ. પસ્સે રાજા, રાણી ને કૂએર પરેમસ઼ૂ રેવા લાગાં.

તરવારની બીક લાગવાથી આ વાત મારાથી કહેવાઈ ગઈ. મારો નાગદેવ તો બહાર મરી ગયો હશે.' આ વાત સાંભળીને રાજા તો અત્યંત ગુસ્સે થઈ ગયો. તેને મહેલમાં લઈ ગયો ને માસીની દીકરીનું માથું બોડાવી, માથે ચૂનો ચોપડી, ગધેડા પર બેસાડીને તેને હદપાર કરી. કુંવરની મા રાજાને કહે, 'નાગની આપણે કબર કરવી જોઈએ.' રાજાએ તરત જ નોકરને હુકમ કર્યો ને નાગની મજાની કબર બનાવી. પછી રાજા, રાણી અને કુંવર સુખથી રહેવા લાગ્યાં.



કીમત ૦=૫૦